શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૭ • અંક : ૦૪
એપ્રિલ : ૨૦૨૫

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ (અમેરિકા) ખાતે સરોવરના કિનારે ભવ્ય-દિવ્ય હનુમાનજી મહારાજની સ્થાપના

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે આયોજિત ભગવાન શ્રીરામચંદ્રજી તથા ભગવાન શ્રીઘનશ્યામ પ્રાગટ્યોત્સવમાં
ઉપસ્થિત પૂજ્ય સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનો, ૧૦૮ ભક્તો દ્વારા ભગવાનનું રાજોપચાર પૂજન

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસો. દ્વારા આયોજિત ટૂનમિન્ટમાં
SGVP કલબે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતા સંતો દ્વારા આર્શીવાદ

રાષ્ટ્રીય સંસ્કૃત સ્પર્ધામાં મેડલ પ્રાપ્ત કરનારા
ઋષિકુમારોને આશીર્વાદ પાઠવતા પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી

ગામ રાવકી-રાજકોટ ખાતે આયોજિત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પારાયણ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે
પોથી પૂજન તથા કથાના વકતાશ્રી, સંતો, યજમાનશ્રીઓ

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

વર્ષ-૧૭, એપ્રિલ : ૨૦૨૫, અંક : ૦૪

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

આ મંજીલ કોણ બતાવે ! ....

દૂર દૂર ડુંગરના શિખરે, દીવડાં કો ઘેટાવે !
થાકેલા આતમ યાત્રીના, પગમાં જોશ પૂરાવે
આ મંજીલ કોણ બતાવે !

વનવગડામાં માઝમ રાતે, વેણુ કોણ વજાવે
પોઢેલા પ્રાણોની વીણા, મૃદુકર પરસ જગાવે
તૂટેલા તારોને સાંધી, સંગીત કોણ સજાવે...આ મંજીલ

પાનખરે ખરતાં પર્ણોમાં, કો સુરપંખી ગાવે
સૂકી ડાળ્યે ફૂટતા કૂંપળ, તરુવર રાતા થાવે
ખોવાયેલા જીવનરસને,કોણ ફરી છલકાવે...આ મંજીલ

કો પાતાળે વહેતા ઝરણાં, પૃથવી પર પ્રગટાવે
સૂકી ભઠ્ઠ ધરામાં કો આ, નંદનવન સરજાવે
ખારાં રણ જેવા જીવનમાં, કો અમરત રેલાવે...આ મંજીલ

ઝાંખી આંખ્યે ઝબકતા જ્યોતિ, પદચિન્હો પરખાવે
સુરાગ મળીયો સાંવરીયાનો, પ્રેમી પ્રીતમ પાવે
વાંકી ચૂંકી બીજી વાતું, માધવને ના ભાવે ...આ મંજીલ

અનુક્રમણિકા

૧. હનુમત્ ચરિત્ર અને વિજ્ઞાન	૦૪
૨. માનવ - વ્યક્તિત્વ	૦૭
૩. અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદ સ્વામી	૧૨
૪. સત્સંગ ક્વિઝ	૧૫
૫. સમાચાર દર્શન	૧૬

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

હનુમત્ ચરિત્ર અને વિજ્ઞાન

- સ્વામી માધવપ્રિયદાસ

બ્રહ્માજી પ્રગટ્યા ત્યાં સુધી સર્ગલીલા છે. બ્રહ્માજી પછી થયેલી સૃષ્ટિ વિસર્ગલીલા છે. જેમાં દક્ષ વગેરે પ્રજાપતિઓ, મનુષ્ય જાતિના આદિ માતા-પિતા મનુ અને શતરુપા તેમજ ત્યાર બાદ થયેલી વૈવિધ્યભરી સૃષ્ટિનો સમાવેશ થાય છે.

ઉત્ક્રાંતિવાદની ચર્ચાના આરંભે વાનરજાતિની ઉત્પત્તિનો અદ્‌ભુત ઈતિહાસ કહેવાનું મન થાય છે. આપણે જેને વાનર કહીને વાનરવેડા કહીએ છીએ એ વાનરોની આશ્ચર્યકારક અને અદ્‌ભુત શક્તિઓ પુરાણોના પાને પાને વર્ણવી છે.

વાલ્મિકી રામાયણના બાલકાંડના ૧૭મા સર્ગમાં મહર્ષિ વાલ્મિકીએ વાનરોની વિવિધ જાતિ-પ્રજાતિનો સુંદર ઈતિહાસ કહ્યો છે. આ બધા વાનરો સાધારણ નહોતા, દેવતાઓના અંશમાંથી અવતરેલા હતા.

વાલ્મિકીજી લખે છે, 'ઈન્દ્રના અંશથી વાલી થયા. સૂર્યના અંશથી સુગ્રીવ થયા. બૃહસ્પતિના અંશથી 'તાર' નામના વાનર થયા. કુબેરના અંશથી ગંધમાદન થયા. વિશ્વકર્માના અંશમાંથી 'નલ' થયા.' સેતુબંધનું અદ્‌ભુત નિર્માણ કરી નલે પોતાના અજોડ કૌશલ્યથી પરિપૂર્ણ વિશ્વકર્માપણું સિદ્ધ કરેલું છે.

'અશ્વિનીકુમારોના અંશથી મૈદ અને દ્વિવદ થયા. મરુતના અંશથી હનુમાનજી મહારાજ થયા.' આ વાનરોની ભૌતિક અને અલૌકિક શક્તિઓનું અદ્‌ભુત વર્ણન વાલ્મિકીજી કરે છે.

પુરાણોના વાનરો ગજબની શક્તિઓ ધરાવે છે. એ ચાલી શકે છે, કૂદી શકે છે, દોડી શકે છે અને મનના વેગે આકાશમાં ઊડી શકે છે. ગમે તેવા નાના-મોટા રૂપ ધરી શકે છે. દ્રશ્ય થઈ શકે છે, અદ્રશ્ય થઈ શકે છે.

પર્વતો ઉપર રમણ કરે છે. પર્વતોને હાથમાં રમાડી શકે છે. એ સેતુબંધ બાંધી શકે છે અને ઊડીને પણ સાગર પાર જઈ શકે છે. ચતુરાઈમાં એનો જોટો જડે તેમ નથી.

મહાબળવાન રાવણને વાલીએ બગલમાં દબાવ્યો હતો અને કહેવાય છે કે વાલીએ પોતાના પુત્ર અંગદને રમવા માટે વીસ હાથ અને દસ ભુજાવાળા આ રાવણને રમકડાં રુપે અંગદના પારણીએ બાંધ્યો હતો.

કૈલાસે સહિત શંકરને ઉપાડે એવા રાવણને જે ઢીંગલો કરીને રમાડે એ વાનરો કેટલા બળવાન હશે!

વાલ્મિકી કહે છે, 'આ બધા વાનરો આર્યોની પેઠે યજ્ઞો નહોતા કરતા, છતાં વિષ્ણુ સમાન મહાપરાક્રમી વાયુવેગવાળા હતા. અસ્ત્ર-શસ્ત્રમાં નિપૂણ હતા. અપૂર્વ બુદ્ધિ અને અનેક માયાવી શક્તિઓથી સંપન્ન હતા. એમાં પણ હનુમાનજી મહારાજની તો વાત જ અનોખી છે.'

હનુમાનજી મહારાજની સ્તુતિ પ્રસિદ્ધ છે.

मनोजवं मारुततुल्यवेगं जितेन्द्रियं बुद्धिमतां वरिष्ठम् ।
वातात्मजं वानरयूथमुख्यम् श्रीरामदूतं शरणं प्रपद्ये ॥

હનુમાનજી મહારાજનું ચરિત્ર કોઈ પણ વિજ્ઞાનકથાને ઝાંખી પાડે તેવું પરમ વૈજ્ઞાનિક, સાથે પરમ આધ્યાત્મિક ચરિત્ર છે.

લાગે છે કે ભારત પાસે અમેરિકા પશ્ચિમના દેશો જેવાં સાધનો, ટેકનોલોજી અને દૃષ્ટિ હોય તો પુરાણોમાં એટલી

અદ્‌ભુત વિજ્ઞાન કથાઓ છે કે એને ચલચિત્રના પરદે જોઈને દુનિયા ગાંડી થઈ જાય!

હનુમાનજી મહારાજ અધ્યાત્મ અને વિજ્ઞાનનો સંગમ છે.

વાનરો વિવિધ ભાષાઓ બોલવામાં પણ પ્રવીણ હતા, એનું પ્રસિદ્ધ ઉદાહરણ હનુમાનજી મહારાજ છે.

હનુમાનજી અશોકવાટિકામાં પધાર્યા. સીતાજી શોકસંતપ્ત હૈયે અશોકવૃક્ષ નીચે બેઠા છે. એ જ વૃક્ષ ઉપર મારુતિ નાનું રુપ ધરી સીતાજીનાં દર્શન કરે છે. મારુતિ મનમાં વિચાર કરે છે, 'હું જાનકીજી સાથે કઈ ભાષામાં વાત કરું?'

यदि वाचं प्रदास्येऽहं द्विजातिरिव संस्कृताम्।

रावणं मन्यमाना मां सीता भीता भविष्यति॥

હનુમાનજી વિચાર કરે છે, 'જો હું દ્વિજાતિઓની પેઠે સંસ્કૃત ભાષામાં વાત કરીશ તો મા જાનકીજી મને 'આ ગુપ્ત વેશે આવેલો રાવણ છે' એમ માની ભયભીત થઈ જશે.'

આખરે એમણે લોકભાષામાં મધુર સ્વરે રામગાથાઓ ગાવાનું શરુ કર્યું.

જે વાનરો સંસ્કૃતના પ્રકાંડ પંડિત હશે એ કેટલા વિકસિત હશે?

આઇનસ્ટાઇન પ્રકાશની ગતિએ ઊડવાની વાત કરે છે. હનુમાનજી મહારાજ મનની ગતિએ ઊડે છે. જન્મતાવેંત સૂર્યને ગ્રસવા ઉપડ્યા છે. સાગર ઉલ્લંઘન કરતી વખતે ઊડ્યા છે. સંજીવની ઔષધિ સાથે દ્રોણાચલ પર્વત લઈને ઊડ્યા છે.

આપણે ઉડવા માટે વિમાનો અને યાનોની જરુર પડે છે, પરંતુ હનુમાનજી તો પોતાના શરીરને જ યાનમાં પલટાવી નાખે છે.

ઊડતી વખતે પવન જેવા હળવા ફૂલ પવનપુત્રને ગુરુત્વાકર્ષણના કોઈ બંધનો નડતાં નથી.

સૂર્યના ગોળાને બરફના ગોળાની જેમ મુખમાં મૂકવાની વાત આવે એટલે આપણને આ વાત ટાઢા પહોરના ગપ્પા લાગે, પરંતુ ન ભૂલવું જોઈએ કે હનુમાનજી પરમ યોગી છે.

યોગશક્તિથી એ સૃષ્ટિનું સ્તંભન કરી શકે છે. એણે પોતાના યોગ-પ્રભાવથી સૂર્યનું સ્તંભન કરી સૂર્યકિરણોને પૃથ્વી સુધી પહોંચવા દીધા નથી. આ અમાપ ઐશ્વર્ય હનુમાનજીમાં સહજ રહેલું છે.

સીતાજીની શોધ વખતે સાગર ઉલ્લંઘન કરતી વખતે હનુમાનજી મહારાજે સુમેરુ પર્વતના શિખર પરથી આકાશમાં ઉડાન ભરી છે, એનું રોચક વર્ણન રામાયણમાં છે.

આ વર્ણન જ્યારે આપણે સાંભળીએ ત્યારે આપણને અમેરિકાનું જહોન કેનેડી સ્પેસ સેન્ટર યાદ આવી જાય!

અમેરિકાના મોટા ભાગના સેટેલાઈટો કે અવકાશયાનો અહીથીં જ આકાશમાં ઊડે છે. અવકાશમાં ઊડ્યા પછી એનો કંટ્રોલ નાસાથી થાય છે. નાસા અને કેનેડી સ્પેસ સેન્ટર વચ્ચે સેંકડો કિમીનું અંતર છે.

અમે અહીં સ્પેસ શટલો જોઈ. ચંદ્ર ઉપર જઈને પાછા આવેલા એપોલો જોયા. રોકેટો બનાવવાની ફેક્ટરી જોઈ. રોકેટોને વહન કરવા માટે કલ્પનામાાં ન આવે એવા મોટા અને લાંબા વાહનો અને એ વાહનોને ચાલવા માટે બનાવેલા પહોળા રસ્તાઓ જોયા.

અમે જ્યારે વિઝીટ લીધી ત્યારે સદ્‌ભાગ્યે રોકેટ લોંચીંગનો કોઈ સમય નહોતો. એટલે અમને છેક રોકેટ લોંચીંગ પેડ સુધી લઈ જવામાં આવ્યા.

રોકેટ આકાશમાં ઊડે ત્યારે પૃથ્વી તરફ ભયંકર ધક્કો લાગે. રોકેટના લોંચિંગ પેડમાં એ ધક્કાને ખમી શકે એવી વ્યવસ્થા હોય છે. રોકેટ ઊડે ત્યારે ઈંધણ દહનથી ભયંકર આગ અને ગરમી પેદા થાય છે. એ ગરમીને શાંત કરવા પાણીની મોટી ટાંકી રાખવામાં આવી છે. રોકેટના ઊડવાની સાથે જ એ વિશાળ ટાંકીમાંથી પાણીના ફૂવારા લોંચીગ પેડ ઉપર વરસે અને લોંચિંગ પેડની ગરમીને ચંદ સેકંડોમાં શાંત કરી નાખે છે.

સ્પેસ શટલો અથવા તો ચંદ્ર ઉપર જવાના એપોલો યાનોને જે રોકેટો આકાશમાં લઈ જાય છે એને મોટા સ્ક્રીન ઉપર જોઈ શકાય છે. જે દશ્યો શ્વાસની ગતિને થંભાવી દે એવા આશ્ચર્યકારક અને રોમાંચક હોય છે.

હનુમાનજી મહારાજ જ્યારે 'જય શ્રી રામ' એવી ગર્જના સાથે આકાશમાં ઊડ્યા ત્યારે સુમેરુ પર્વત હનુમાનજીનો વેગ સહન કહી શક્યો નહીં અને પૂરો પર્વત ધરીતીમાં ધસી ગયો એવું વર્ણન મળે છે.

જહોન કેનેડી સ્પેસ સેન્ટર જોયા પછી આ વર્ણન મને પરમ વૈજ્ઞાનિક લાગે છે. એક જ તફાવત છે, સ્પેસ સેન્ટરમાં યંત્રશક્તિ કામ કરે છે જ્યારે હનુમાનજી મહારાજમાં મંત્રશક્તિ કામ કરે છે.

યંત્રશક્તિ પ્રકાશની ગતિ પ્રાપ્ત કરી શકે.

મંત્રશક્તિ મનની ગતિ પ્રાપ્ત કરી શકે.

યંત્રશક્તિમાં જડતા છે.

મંત્ર શક્તિમાં દિવ્યતા છે.

હનુમાનજી મહારાજ અને ઉડતા પર્વતની કથા

સાગર ઉલ્લંઘન કરતી વખતે હનુમાનજી મહારાજને અનેક અવરોધો આડા આવ્યા. પહેલો અવરોધ મૈનાકે ઊભો કર્યો.

રામાયણમાં કથા છે, હનુમાનજી મહારાજ ઊડી રહ્યા હતા ત્યારે પાંખોવાળો મૈનાક પર્વત પાણીમાંથી બહાર નીકળી આવ્યો અને હનુમાનજીને વિરામ લેવા વિનંતી કરી. હનુમાનજી કહે, 'રામકાર્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી સેવકથી આરામ ન થઈ શકે.'

ઊડતા મૈનાક પર્વતની વાત સમજવા જેવી છે.

આપણે ત્યાં કથાઓ છે કે, એક સમયે પર્વતોને પાંખો હતી. એ જ્યાં-ત્યાં ઊડીને પડતા હતા અને સૃષ્ટિનો કચ્ચરઘાણ વાળી દેતા હતા. એથી ઈન્દ્રએ પોતાનાં વજ્રથી એ બધા પર્વતોની પાંખો કાપી નાખી, પણ એક મૈનાક પર્વત સમુદ્રમાં સંતાઈ ગયો, એથી બચી ગયો હતો.

બૌદ્ધિકો આવી કથાને ગપ્પા સિવાય બીજું શું કહે ! પણ આ જ કથાને જરા જુદી રીતે જોઈએ. પૃથ્વીના સર્જનના આરંભે પૃથ્વી ઉપર નાની-મોટી ઉલ્કાઓ વરસતી હતી અને ધરતીને ધમરોળતી હતી એ વૈજ્ઞાનિક સત્ય છે. ઈન્દ્રના વજ્ર સમાન કોઈક અદૃશ્ય પરિબળે એ ઉલ્કાઓને શાંત કરી.

વૈજ્ઞાનિકો કહે છે, ગુરુ નામના ગ્રહનું પ્રબળ ગુરુત્વાકર્ષણ પૃથ્વી તરફ ધસતી હજારો ઉલ્કાઓને પોતાની તરફ ખેંચી લ્યે છે.

પુરાણોની કથાઓમાં આવી કંઈક વૈજ્ઞાનિક કથાઓના બીજ છૂપાયેલાં છે. એને દંતકથાઓ કહીને કાઢી નાખવાને બદલે જુદી જ દૃષ્ટિથી વિચાર થવો જોઈએ.

મૈનાક પર્વતના અવરોધ પછી દેવમાતા સુરસાએ અવરોધ ઊભો કર્યો છે. અહીં હનુમાનજી મહારાજની

અદ્‌ભુત યોગશક્તિ અને ચાતુર્યનાં દર્શન થાય છે.

જ્યોં જ્યોં સુરસા વદન બઢાવા,
કપિ દુગુન તાહિ રુપ દિખાવા.

સુરસા હનુમાનજીને ગ્રસવા માટે જેમ જેમ મુખ પહોળું કરવા માંડી તેમ તેમ હનુમાનજી બમણું મોટું રુપ ધારણ કરવા લાગ્યા. આખરે આવી હરિફાઈમાં સમય વેડફવાને બદલે ચતુર મારુતિ નાનું રુપ ધરી સુરસાના મુખમાં પ્રવેશી કાન વાટે બહાર નીકળી ગયા અને સુરસાને પોતાની શક્તિની પ્રતિતી કરાવી.

સુરસાના અવરોધ પછી સિંહિકા રાક્ષસીનો અવરોધ આવ્યો છે. રાવણે પોતાની લંકાને સુરક્ષિત રાખવા અદ્‌ભુત સુરક્ષાઓ વિકસાવી હતી.

સિંહિકા રાક્ષસી આકાશમાં ઊડતા કોઈ પણ પદાર્થ કે પંખીઓને પરછાયાથી પકડી લેતી હતી અને ગજબની આકર્ષણશક્તિથી ઊડતા પદાર્થને નીચે ખેંચી એનો વિનાશ કરતી હતી.

આ કથા સાંભળીને આપણને આધુનિક રડાર સિસ્ટમનું સ્મરણ થયા વિના રહેતું નથી. રાવણ પરમ વૈજ્ઞાનિક હતો. વિમાનોમાં ફરતો. માટે આવી રડારોની વ્યવસ્થા એને ત્યાં હોય તે સહજ છે.

સામાન્ય રીતે રડારથી ઊડતા પદાર્થની માહિતી મળી શકે છે, પરંતુ એ પદાર્થને પોતાના આકર્ષણબળથી ખેંચી ન શકે, જ્યારે અહીં માત્ર પદાર્થની જાસુસી કરવાની વાત નથી, પરંતુ પદાર્થના પડછાયાને ઝીલી એ પદાર્થને સ્વઆકર્ષણબળે નીચે લાવી નાશ કરવાની વાત છે. આ અત્યંત આધુનિક ટેકનોલોજી છે. સ્ટારવોર્સની એન્ટર પ્રાઈઝમાં આવી કલ્પના જોવા મળે છે. દુશ્મનના યાનોને પકડીને કેદ કરવાના દૃશ્યો આપણે સ્ટારવોર્સમાં અનેક જગ્યાએ જોઈ શકીએ છીએ.

હનુમાનજી મહારાજે રાવણની આ એડવાન્સ સીસ્ટમને જ ભાંગીને ભૂકો કરી નાખી !

લંકા નગરીમાં પ્રવેશ કરતી વખતે લંકિની રાક્ષસીની કથા પણ ગજબની છે. લંકિનીની દૃષ્ટિ ચૂકવીને એક ચકલું પણ લંકામાં પ્રવેશી શકતું નહોતું.

હનુમાનજી મહારાજે મચ્છર જેવું રુપને ધરી લંકામાં પ્રવેશ કર્યો, છતાં લંકિનીએ એમને પકડી પાડ્યા. પરંતુ હનુમાનજી મહારાજે લંકિનીનો તો સંહાર કર્યો જ, સાથે સાથે એની સઘળી સુરક્ષા સીસ્ટમ પણ તોડી નાખી.

આમ હનુમાનજી મહારાજની કથા અનેક આશ્ચર્યકારક વિજ્ઞાનથી ભરેલી છે. ■■■

માનવ - વ્યક્તિત્વ

- ભાણદેવજી

(૧) પ્રસ્તાવના :

મનોવિજ્ઞાન વ્યક્તિના વર્તનનું વિજ્ઞાન છે. વર્તન માનવ-વ્યક્તિની બહિરંગ અભિવ્યક્તિ છે; વર્તન માનવ-વ્યક્તિનો બાહ્ય છેડો છે. માનવ-વ્યક્તિ જે છે, તે તેના વર્તનરૂપે અભિવ્યક્ત થાય છે. આમ હોવાથી વ્યક્તિ જે છે તેની સમજ અર્થાત્ માનવ વ્યક્તિની સમજ તે મનોવિજ્ઞાનનો પ્રધાન વિષય છે. વ્યક્તિને સમજ્યા વિના વ્યક્તિના વર્તનને સમજી શકાય નહીં. જેમ સમુદ્રના તરંગો તે જ સમુદ્ર નથી, તરંગોની નીચે અગાધ જળરાશિ છે. તે સમુદ્ર છે, તેમ માનવ-વ્યક્તિનું વર્તન તે જ માનવ-વ્યક્તિ નથી. વર્તન તો માત્ર સપાટી પરના તરંગો સમાન છે. આ વર્તનરૂપી તરંગોની નીચે અગાધ વ્યક્તિ છે. તે યથાર્થ સમુદ્ર છે અને તેનો અભ્યાસ તે મનોવિજ્ઞાનનો કેન્દ્રસ્થ વિષય છે અને કેન્દ્રસ્થ વિષય હોવો જોઈએ.

આધુનિક મનોવિજ્ઞાન અને વિશેષતઃ વર્તનવાદી મનોવૈજ્ઞાનિકો મનોવિજ્ઞાનને વ્યક્તિના વર્તનનું વિજ્ઞાન ગણે છે; પરંતુ આમ કહીને તેઓ કેટલી મોટી અને ગંભીર ભૂલ કરી રહ્યા છે, તે સંભવતઃ તેમની સમજમાં આવ્યું નથી. વ્યક્તિના વર્તનને જ વ્યક્તિ ગણીને મનોવિજ્ઞાન જો માત્ર વર્તનનો જ અભ્યાસ કરે, તો તે સમુદ્રના તરંગોને જ સમુદ્ર માનીને અગાધ જળરાશિની અવગણના કરવા જેવી ભૂલ છે, તેથી વ્યક્તિનાં વ્યક્તિત્વની અવગણના કરીને વ્યક્તિનાં વર્તનનો અભ્યાસ કરવો તે છાશ પામીને માખણની અવગણના કરવા જેવી ભૂલ છે.

ભારતીય મનોવિજ્ઞાન વ્યક્તિના વર્તનની અવગણના કરતું નથી. ભારતીય મનોવિજ્ઞાન વ્યક્તિના વર્તનનો અભ્યાસ પણ કરે છે, પરંતુ વ્યક્તિનાં વર્તન કરતાં મનોવિજ્ઞાન માટે વ્યક્તિનું વ્યક્તિત્વ વધુ મહત્ત્વપૂર્ણ છે. વર્તન તો સમગ્ર વ્યક્તિત્વનો એક ભાગ છે, એક છેડો છે, એક અભિવ્યક્તિ છે. આમ હોવાથી ભારતીય મનોવિજ્ઞાન માનવ-વ્યક્તિનાં વર્તનની અવગણના કર્યા વિના, પણ વિશેષતઃ માનવ-વ્યક્તિનો અભ્યાસ કરે છે.

અહીં આપણે ભારતીય મનોવિજ્ઞાનની દૃષ્ટિથી માનવ વ્યક્તિત્વને સમજવાનો પ્રયત્ન કરીએ.

(૨) વ્યક્તિત્વ એટલે શું ?

આધુનિક મનોવિજ્ઞાનમાં વ્યક્તિત્વની અનેક વ્યાખ્યાઓ આપવામાં આવી છે. મુખ્ય વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે.

(૧) વ્યક્તિની અન્ય વ્યક્તિઓ પર જે છાપ પડે છે તે.

(૨) વ્યક્તિનું વાતાવરણ સાથેનું સુસંગત વૈયક્તિક અનુકૂલન.

(૩) વ્યક્તિની કાર્યરીતિ અર્થાત્ વર્તનશૈલી.

(૪) વ્યક્તિની વર્તનશૈલી, તેની બૌદ્ધિક શક્તિઓ, અભિયોગ્યતાઓ, વિચાર અને આવેગોની ટેવો, મનોવલણો અને આવાં વિશિષ્ટ પાસાંઓના ગત્યાત્મક સંગઠનથી ઉપજેલું સુગ્રથિત સ્વરૂપ.

સમગ્રતયા વિચારીએ તો આધુનિક મનોવિજ્ઞાનની દૃષ્ટિએ વ્યક્તિત્વમાં ત્રણ તત્ત્વોનો સમાવેશ કરવામાં આવે છે.

(૧) મનોબૌદ્ધિક પાસાઓ

(૨) શારીરિક પાસાઓ

(૩) વર્તન અને વર્તનશૈલી

ઉપર્યુક્ત ત્રણ પાસાઓમાં શરીર અને વર્તન તો વ્યક્તિત્વની સપાટી પરનાં જ તત્ત્વો છે. મનોબૌદ્ધિક તત્ત્વોનું મૂલ્યાંકન અને માપન પણ વ્યક્તિનાં વર્તન દ્વારા જ કરવામાં આવે છે.

આનો અર્થ એમ થયો કે આધુનિક મનોવિજ્ઞાન માનવવ્યક્તિત્વના બહિરંગ સ્વરૂપને જ ગણતરીમાં લઈને વ્યક્તિત્વને સમજવાનો પ્રયત્ન કરે છે. આધુનિક મનોવિજ્ઞાનનો વ્યક્તિત્વને સમજવા માટેનો દૃષ્ટિકોણ પ્રધાનતઃ વર્તનકેન્દ્રી છે. આધુનિક મનોવિજ્ઞાનનો માનવ-વ્યક્તિત્વને સમજવાનો પ્રયત્ન પરીઘ દ્વારા કેન્દ્રને સમજવાના પ્રયત્ન જેવો છે. આધુનિક મનોવિજ્ઞાન વર્તન અને વ્યક્તિના બહિરંગ પાસાંઓનો અભ્યાસ કરીને તેમના દ્વારા વ્યક્તિત્વને સમજવાનો પ્રયત્ન કરે છે. ભારતીય મનોવિજ્ઞાનનો માનવ-વ્યક્તિત્વને સમજવાનો દૃષ્ટિકોણ આધુનિક મનોવિજ્ઞાનના આ દૃષ્ટિકોણ કરતાં ઘણો ભિન્ન અને વિશિષ્ટ છે.

ભારતીય મનોવિજ્ઞાનની દૃષ્ટિથી માનવ-વ્યક્તિત્વની વ્યાખ્યા આ રીતે આપી શકાય.

"વ્યક્તિત્વ એટલે વ્યક્તિનાં અંતરતમથી બાહ્યતમ સુધીનાં સર્વ પાસાંઓનું સંગઠિત સંમિલન."

અર્થાત્

"વ્યક્તિત્વ એટલે વ્યક્તિ જે છે તે સર્વનું સંમિલન."

આ વ્યાખ્યા પરથી એવું ફલિત થાય છે કે માનવ વ્યક્તિમાં જે છે તે સર્વ પાસાંઓનો તેના વ્યક્તિત્વમાં સમાવેશ થાય છે. માનવ-વ્યક્તિત્વમાં આધ્યાત્મિક-તત્ત્વ છે, માનવ-વ્યક્તિમાં મનોબૈદ્ધિક તત્ત્વો છે, માનવ-વ્યક્તિત્વમાં સૂક્ષ્મ શરીર છે, માનવ-વ્યક્તિને સ્થૂળ શરીર છે, માન-વવ્યક્તિ વર્તન પણ કરે છે. આ સર્વ મળીને માનવ-વ્યક્તિત્વ બને છે. આ સર્વનો જીવંત સમન્વય તે વ્યક્તિત્વ છે. જેમ અનેક સ્વરોના સુભગ સમન્વયથી, જીવંત સમન્વયથી રાગ બને છે, રાગ નિષ્પન્નથી થાય છે, તેમ આ સર્વ પાસાંઓનાં જીવંત સમન્વયથી વ્યક્તિત્વની સંરચના થાય છે. અનેક રંગ તથા રેખાઓની સંરચના દ્વારા અને ચિત્રકારની સર્જકશક્તિ દ્વારા ચિત્રનું નિર્માણ થાય છે, તેમ અનેક અંતરંગ-બહિરંગ તત્ત્વોનાં સુભગ અને જીવંત સમન્વય દ્વારા વ્યક્તિત્વની સંરચના થાય છે.

(૩) વ્યક્તિત્વનું સ્વરૂપ :

માનવ-વ્યક્તિત્વમાં કયાં કયાં તત્ત્વોનો સમાવેશ થાય છે અને તે સર્વ તત્ત્વોનાં જીવંત સમન્વયથી માનવ-વ્યક્તિત્વની કેવી રીતે સંરચના થાય છે, તેની વિચારણા તે વ્યક્તિનાં સ્વરૂપની વિચારણા છે.

પ્રથમ આપણે જોઈએ કે માનવવ્યક્તિત્વમાં કયાં કયાં તત્ત્વોનો સમાવેશ થાય છે અને આ તત્ત્વોનું સ્વરૂપ કેવું છે?

(૧) અંતરાત્મા : અંતરાત્મા એટલે વ્યક્તિમાં રહેલું

ચૈતન્ય તત્ત્વ. અંતરાત્માને જ જીવ, આત્મા, પ્રત્યક્ ચૈતન્ય, જીવાત્મા, ચૈતન્ય કે વૈયક્તિક ચૈતન્ય પણ કહેવામાં આવે છે.

સમગ્ર અસ્તિત્વમાં અને અસ્તિત્વની પાર પણ મહાચૈતન્ય વિલસી રહ્યું છે. આ મહાચૈતન્ય જ સમગ્ર અસ્તિત્વનું કેન્દ્રસ્થ તત્ત્વ છે. આ મહાચૈતન્ય ને જ બ્રહ્મ, પરમાત્મા, આત્મા, ઈશ્વર, ભગવાન કે અન્ય અનેક નામોથી ઓળખવામાં આવે છે. આ મહાચૈતન્યનું વૈયક્તિક સ્વરૂપ અર્થાત્ વ્યક્તિમાં અવસ્થિત રહેલું સ્વરૂપ તે જ અંતરાત્મા છે. જેમ પરબ્રહ્મ પરમાત્મા વૈશ્વિક અને વિશ્વાતીત ભૂમિકા પર અવસ્થિત ચૈતન્ય છે, તેમ અંતરાત્મા વૈયક્તિક ભૂમિકા પર રહેલું ચૈતન્ય છે. અંતરાત્મા વસ્તુતઃ પરમાત્માથી ભિન્ન નથી, પરંતુ તેનું જ એક સ્વરૂપ છે.

અંતરાત્મા સચેતન, નિત્ય શુદ્ધ, અજરામર, જ્ઞાનસ્વરૂપ, પ્રેમસ્વરૂપ અને સ્વરૂપતઃ દિવ્ય છે. પરમાત્મા જેમ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, તેમ અંતરાત્મા પણ સ્વરૂપતઃ સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

પરમાત્મા અને અંતરાત્માના સંબંધો વિશે થોડા ભિન્ન ભિન્ન મતો છે. કોઈ તેમની વચ્ચે અદ્વૈત સંબંધ માને છે, કોઈ તેમની વચ્ચે આંશિક અદ્વૈત સંબંધો માને છે. અદ્વૈત, વિશિષ્ટા દ્વૈત, શુદ્ધા દ્વૈત, દ્વૈતા દ્વૈત, દ્વૈત આદિ મતોમાં થોડી થોડી મતભિન્નતા છે. તેમની વચ્ચે અંશી-અંશ, સ્વામી-સેવક, ભગવાન-ભક્ત, પિતા-પુત્ર આદિ સ્વરૂપના સંબંધો પણ માનવામાં આવે છે. આમ છતાં બધી અધ્યાત્મ પરંપરાઓમાં આટલું તો સૌ સ્વીકારે છે.

(૧) બન્ને દિવ્ય છે.

(૨) બન્ને સ્વરૂપતઃ સંલગ્ન છે.

(૩) બન્ને સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

આમ છતાં બન્ને વચ્ચે આટલી ભિન્નતા પણ માનેલ છે.

(૧) પરમાત્મા સર્વશક્તિમાન છે, અંતરાત્મા અલ્પશક્તિમાન છે.

(૨) પરમાત્મા સૃષ્ટિના સ્રષ્ટા અને સંચાલક છે. અંતરાત્મા સ્રષ્ટા કે સંચાલક નથી.

(૩) પરમાત્મા સર્વજ્ઞ છે, અંતરાત્મા અલ્પજ્ઞ છે.

(૪) પરમાત્મા સાધ્ય છે, અંતરાત્મા સાધક છે.

જ્ઞાનેન્દ્રિય જનિત પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા અંતરાત્માને સિદ્ધ કરી શકાય તેમ નથી, કારણ કે અંતરાત્મા અતિ સૂક્ષ્મ છે અને જ્ઞાનેન્દ્રિયોનો પણ પ્રેરક અને પ્રકાશક છે.

અંતરાત્માની સિદ્ધિ માટે અનુમાન પ્રમાણ આપી

શકાય તેમ છે, પરંતુ પરમાત્માની સિદ્ધિ માટેની અનુમાન પ્રક્રિયા કરતાં અંતરાત્માની સિદ્ધિ માટેની અનુમાન પ્રક્રિયા ભિન્ન છે. પરમાત્માની જેમ અંતરાત્મા સૃષ્ટિનો સ્રષ્ટા કે સંચાલક નથી, પરંતુ વ્યક્તિના જીવનના સંચાલક તરીકે અંતરાત્માનું અનુમાન થઈ શકે તેમ છે. શરીર, પ્રાણ, મન આદિ તત્ત્વો તો જડ પ્રકૃતિના ભાગરૂપ છે, તેથી તેઓ સ્વરૂપતઃ સચેતન કે સજ્ઞાન નથી, જડ અને અજ્ઞ છે. જીવનનાં સંચાલન માટે કોઈક સચેતન અને સજ્ઞાન તત્ત્વનું હોવું અનિવાર્ય છે. વ્યક્તિના વ્યક્તિત્વમાં આ જે સજ્ઞાન સચેતન સંચાલક તત્ત્વ છે, તે જ અંતરાત્મા છે.

તૃતીય શબ્દ પ્રમાણ દ્વારા અંતરાત્માને સિદ્ધ કરી શકાય છે. વેદ, ગીતા, ભાગવત આદિ પ્રમાણભૂત શાસ્ત્રગ્રંથો એ અધ્યાત્મપુરુષોના અનુભવાધારિત શબ્દો અંતરાત્માના અસ્તિત્વનો સ્પષ્ટતઃ સ્વીકાર કરે છે.

આમ છતાં અંતરાત્માની સિદ્ધિનું સર્વોચ્ચ પ્રમાણ તો અપરોક્ષાનુભવ અર્થાત્ અંતરાત્માનો સાક્ષાત્કાર જ છે.

શ્રી રમણ મહર્ષિ અંતરાત્માની સિદ્ધિ માટે એક વિશિષ્ટ પ્રમાણ આપે છે. શ્રી રમણ મહર્ષિ કહે છે કે માનવમાં અસ્મદ્-પ્રત્યયનું ભાન સતત રહે છે. અસ્મદ્ પ્રત્યયનું ભાન એટલે 'સ્વ'નું ભાન, પોતાના હોવાનું ભાન. પોતાના હોવાનો ઈન્કાર કોઈ કરી શકે નહીં. આ અસ્મદ્-પ્રત્યય દ્વારા અંતરાત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. પોતાના હોવાના ભાન દ્વારા પોતાનું અસ્તિત્વ સિદ્ધ થાય છે અને તે જ અંતરાત્મા છે.

ડેકાર્ટ પણ આ જ પ્રમાણ દ્વારા આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરે છે. ડેકાર્ટ કહે છે કે પોતાના હોવામાં કોઈ શંકા કરી શકે નહીં અને શંકા કરે તો શંકા કરનાર તરીકે પણ પોતાનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. **I Doubt there for I am** (હું શંકા કરું છું, તેથી હું છું).

ભારતીય મનોવિજ્ઞાન સ્પષ્ટ અને અબાધિત સ્વરૂપે સ્વીકાર કરે છે કે અંતરાત્મા અર્થાત ચૈતન્ય માનવ વ્યક્તિત્વનું કેન્દ્રસ્થ તત્ત્વ છે. અંતરાત્મા જ વ્યક્તિત્વનું સર્વોચ્ચ પ્રધાન તત્ત્વ છે. અંતરાત્મા છે તો માનવ છે અને અંતરાત્મા નથી તો માનવ નથી. અંતરાત્મા વિનાનો માનવ તો માત્ર શબ છે અને શબને શું વ્યક્તિત્વ હોય છે?

આધુનિક મનોવિજ્ઞાનમાં શરીર-મનથી અતિરિક્ત એવો કોઈ અંતરાત્મા છે, તેમ સ્વીકારાતું નથી. ભારતીય મનોવિજ્ઞાનમાં શરીર-મનથી પર અંતરાત્માનો સ્વીકાર છે અને એમ પણ માનવામાં આવે છે કે દેહનો નાશ થાય છતાં અંતરાત્મા ટકી રહે છે, કારણ કે અંતરાત્મા શાશ્વત તત્ત્વ છે. આ અંતરાત્મા જ જન્મજન્મની યાત્રા દરમિયાન એક દેહથી બીજા દેહમાં યાત્રા કરે છે.

ભારતીય મનોવિજ્ઞાનની દૃષ્ટિએ આ અંતરાત્મા જ વસ્તુતઃ વ્યક્તિ છે. વ્યક્તિ એટલે અંતરાત્મા. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર તો અંતરાત્માનાં આવરણો છે. અંતરાત્મા જ વ્યક્તિનું યથાર્થ સ્વરૂપ છે. અંતરાત્મા જ વ્યક્તિની યથાર્થ વ્યક્તિમત્તા છે.

(૨) અવિદ્યા : અવિદ્યા કોઈ સ્વતંત્ર તત્ત્વ નથી, પરંતુ માનવવ્યક્તિત્વમાં અવિદ્યા પણ છે અને અંતરાત્મા સાથે અવિદ્યા સંલગ્ન છે, તેથી વ્યક્તિત્વનાં સ્વરૂપની વિચારણા કરતી વખતે અવિદ્યાનો વિચાર પણ કરવો ઘટે છે.

અવિદ્યા એટલે અજ્ઞાન. આત્મા પોતાનું સ્વરૂપ ભૂલીને અહંકાર સાથે તાદાત્મ્ય સાધે છે, આ સ્વરૂપ વિસ્મૃતિ જ મૂળભૂત અજ્ઞાન છે અને તે જ અવિદ્યા છે. સદાસર્વથા મુક્ત આત્મા અવિદ્યાવશ બદ્ધ બને છે, ત્યારે તે જીવાત્મા ગણાય છે. આત્મા + અવિદ્યા = જીવાત્મા.

વૈશ્વિક ભૂમિકા પર જે માયા ગણાય છે, તે જ વૈયક્તિક ભૂમિકા પર અવિદ્યા ગણાય છે. અવિદ્યાને વશ વર્તીને જીવ પોતાનું સચ્ચિદાનંદ સ્વરૂપ ભૂલી જાય છે અને અહંજન્ય રાગદ્વેષમાં તદાકાર બને છે. વ્યક્તિનું યથાર્થ વ્યક્તિત્વ અર્થાત્ યથાર્થ સ્વરૂપ અંતરાત્મા હોવા છતાં અવિદ્યાને કારણે દેહ સાથે તાદાત્મ્ય ઊભું થાય છે અને માનવ પોતાને દેહ-મન માનવા માંડે છે આ તાદાત્મ્યને જડ ગ્રંથિ કહે છે. અવિદ્યાને કારણે ચૈતન્ય અર્થાત્ અંતરાત્માનું જડ અર્થાત્ દેહ સાથે ઐક્ય બને છે. આ ઐક્ય યથાર્થ નથી, પરંતુ અવિદ્યાજન્ય છે. આ ઐક્ય તે જ ચિજ્જડ ગ્રંથિ છે. આ ચિજ્જડ ગ્રંથિ આપણા સંસારના પાયામાં છે.

અવિદ્યા અનાદિ અને નૈસર્દિક હોવા છતાં અનંત નથી, શાંત છે અર્થાત્ અંતરાત્મા અવિદ્યામાંથી મુક્ત થઈને પોતાના મૂળ સચ્ચિદાનંદ સ્વરૂપને પામી શકે છે.

અવિદ્યાનાં ત્રણ સ્વરૂપો છે.

(૧) મૂલવિદ્યા - પોતાને બ્રહ્મસ્વરૂપ ન જાણવું, તે મૂલવિદ્યા છે.

(૨) તુલાવિદ્યા - રજ્જુમાં સર્પનું દર્શન કરવું તે તુલાવિદ્યા છે.

(૩) લેશાવિદ્યા - આવરણભંગ પછી જ્ઞાનીમાં પ્રારબ્ધસ્વરૂપ જે અવિદ્યાલેશ જણાય છે, તે લેશાવિદ્યા છે.

(૩) ત્રણ શરીર : માનવ-વ્યક્તિ મૂલતઃ અંતરાત્મા છે, છતાં માનવ-વ્યક્તિત્વમાં એક માત્ર અંતરાત્મા જ નથી. માનવ-વ્યક્તિમાં અંતરાત્માના શરીરનો પણ સમાવેશ થાય છે. અંતરાત્માના ત્રણ શરીર છે.

(૧) કારણ શરીર : કારણ શરીર અજ્ઞાન સ્વરૂપ છે.

કારણ શરીર અનાદિ અને અનિર્વચનીય અવિદ્યાથી અભિન્ન માનવામાં આવે છે. જ્યાં સુધી આ અવિદ્યારૂપી કારણશરીરનો લય ન થાય ત્યાં સુધી અંતરાત્મા બદ્ધ છે, જીવ છે અને પોતાના યથાર્થ સચ્ચિદાનંદ સ્વરૂપને પામતો નથી. સુષુપ્તિ સમયે અને પ્રલયકાળે જીવને કારણશરીર તો રહે જ છે. જીવની જન્મ-જન્મની યાત્રા દરમિયાન પણ કારણ શરીરનું આવરણ તો રહે જ છે.

(૨) સૂક્ષ્મ શરીર કે લિંગ શરીર :

પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ, કાન, નાક, જીભ, ત્વચા)

પાંચ કર્મેન્દ્રિયો (હસ્ત, પાદ, જીભ, ઉપસ્થ, પાયુ)

પાંચ પ્રાણ (પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન, સમાન)

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ કુલ ઓગણીશ તત્ત્વોનું સૂક્ષ્મ શરીર કે લિંગ શરીર બને છે. સૂક્ષ્મ શરીર મોક્ષપર્યંત ટકી રહે છે અને જન્મ-જન્મની યાત્રા દરમિયાન જીવની સાથે જ રહે છે. જીવનાં શુભાશુભ કર્મો પણ કર્માશય બનીને જીવની દેહાન્તર યાત્રા દરમિયાન સાથે જ રહે છે. કર્માશયનો આશ્રય આ સૂક્ષ્મ શરીર છે. ભિન્ન ભિન્ન જીવોમાં જે વ્યક્તિગત ભિન્નતા જોવા મળે છે તે ભિન્નતાનો આશ્રય પણ આ સૂક્ષ્મ શરીર છે.

(૩) સ્થૂળ શરીર : પાંચ મહાભૂતોનું બનેલું સ્થૂળ શરીર છે. આ સ્થૂળ શરીર સપ્તધાતુ અને ત્રણ દોષોનું બનેલું છે તેમ પણ કહી શકાય. આપણા માટે આ સ્થૂળ શરીર જ દૃશ્ય છે. અંતરાત્માનું સૌથી બહારનું આવરણ આ સ્થૂળ શરીર છે. જેને આપણે મૃત્યુ કહીએ છીએ તે વસ્તુતઃ અંતરાત્મા દ્વારા આ સ્થૂળ શરીરનો ત્યાગ છે. સ્થૂળ શરીર દરેક જન્મે નાશ પામે છે અને દરેક જન્મે પુનર્જન્મ વખતે જીવ નવું સ્થૂળ શરીર ધારણ કરે છે.

એટલું નોંધવું ખાસ આવશ્યક છે કે ભારતીય મનોવિજ્ઞાન પ્રમાણે જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો સ્થૂળ શરીરનો ભાગ નથી, પરંતુ સૂક્ષ્મ શરીરનો ભાગ છે અને અંતરાત્માની જન્મજન્માંતરની યાત્રા દરમિયાન જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો સૂક્ષ્મ શરીરના ભાગરૂપે સાથે જ રહે છે. સ્થૂળ શરીરમાં જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો જોવા મળે છે. તેઓ વસ્તુતઃ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો નથી, પરંતુ તેમના સ્થૂળ શરીરમાં પ્રતિષ્ઠિત ગોલકો છે. દશે ઈન્દ્રિયો તેમના મૂળ સ્વરૂપે સૂક્ષ્મ છે અને સૂક્ષ્મ શરીરનો ભાગ છે, તેમના દશે ગોલકો સ્થૂળ શરીરનો ભાગ છે.

(૪) પાંચ કોશ : અંતરાત્માના આવરણ અર્થાત્ શરીરોને ત્રણ દેહ સ્વરૂપે સમજાવવામાં આવે છે, તેમ એક અન્ય રીતે પણ સમજાવવામાં આવે છે. આ રીત પંચકોશસ્વરૂપે સમજાવે છે. ઉપનિષદમાં અંતરાત્માનાં આવરણોને પંચકોશની પદ્ધતિથી વર્ણવવામાં આવેલ છે. આ પદ્ધતિને પંચકોશવિદ્યા પણ કહેવામાં આવે છે.

કોશ એટલે આવરણ અથવા કોશ એટલે મ્યાન. તલવાર જેમ મ્યાન કે આવરણમાં રહે છે, તેમ આ અંતરાત્મા પાંચ કોશમાં રહે છે, અર્થાત્ આ પાંચ કોશ તે અંતરાત્માનાં પાંચ શરીર છે. આ પાંચ કોશ અને ત્રણ શરીરનાં વર્ણનમાં કોઈ વિરોધાભાસ નથી, કારણ કે એ તો અભિવ્યક્તિની ભિન્ન ભિન્ન પદ્ધતિઓ એક જ સત્યને જુદી જુદી દૃષ્ટિથી જુદી જુદી રીતે વ્યક્ત કરી શકાય છે. સત્ય એક જ છે, કહેવાની રીતે જુદી છે. આ પાંચ કોશ અને તેમનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

(૧) અન્નમય કોશ : અન્નમય કોશ એટલે સ્થૂળ શરીર. પાંચ મહાભૂતોનું બનેલું સપ્તધાતુ અને ત્રિદોષમય આ દૃશ્યમાન શરીર તે જ અન્નમય કોશ છે. આ શરીર અર્થાત્ કોશ અન્ન દ્વારા પોષાય છે, તેથી તેને અન્નમય કોશ કહેવામાં આવે છે.

(૨) પ્રાણમય કોશ : પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ પ્રાણ મળીને પ્રાણમય કોશ બને છે.

હસ્ત, પાદ, જીભ (વાણી), પાયુ અને ઉપસ્થ - આ પાંચ કર્મેન્દ્રિયો છે.

પ્રાણ, અપાન, ઉદાન, વ્યાન અને સમાન - આ પાંચ પ્રાણ છે. આ સર્વ મળીને અંતરાત્માનું જે આવરણ બને છે, તે પ્રાણમય કોશ છે. આ પ્રાણમય કોશ અન્નમય કોશમાં રહે છે અને અન્નમયકોશથી સૂક્ષ્મ છે.

(૩) મનોમય કોશ : પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન મળીને મનોમય કોશ બને છે. મનોમય કોશ પ્રાણમય કોશથી સૂક્ષ્મ છે અને પ્રાણમય કોશમાં અવસ્થિત છે. મનમાં અહંકારનો અંતર્ભાવ છે તેમ સમજવું જોઈએ.

(૪) વિજ્ઞાનમય કોશ : પાંચ જ્ઞાનેન્દ્રિયો અને બુદ્ધિ મળીને વિજ્ઞાનમય કોશ બને છે. વિજ્ઞાનમય કોશ મનોમય કોશમાં અવસ્થિત છે અને મનોમય કોશથી સૂક્ષ્મ છે. ચિત્તનો બુદ્ધિમાં અંતર્ભાવ છે તેમ સમજવું જોઈએ.

(૫) આનંદમય કોશ : મોદ, પ્રમોદ અને પ્રિય - આ સુખકારક વૃત્તિઓનો આનંદમય કોશ બનેલો છે. આનંદમય કોશ વિજ્ઞાનમયકોશથી સૂક્ષ્મ છે અને તેમાં અવસ્થિત છે.

(૫) ત્રણ અવસ્થાઓ : જેમ અંતરાત્માનાં ત્રણ શરીર અને પાંચ કોશ છે, તેમ અંતરાત્માની ત્રણ અવસ્થાઓ પણ છે.

(૧) જાગૃતાવસ્થા : જાગૃતાવસ્થામાં જીવ, મન અને ઈન્દ્રિયો વડે બાહ્યવિષયોનો અનુભવ લે છે. બાહ્ય જગત એટલે વસ્તુજગત. આ વસ્તુજગતનો પ્રત્યક્ષ અનુભવ તે જાગૃતાવસ્થાનું લક્ષણ છે.

(૨) સ્વપ્નાવસ્થા : જાગૃતાવસ્થા અને સ્વપ્નાવસ્થા વચ્ચે ભેદ એ છે કે જાગૃતાવસ્થામાં મન-ઈન્દ્રિયો દ્વારા બહારથી સંવેદના ગ્રહણ કરે છે અને સ્વપ્નાવસ્થામાં મન એકલું જ ઈન્દ્રિયોની મદદ વિના અનેક પ્રકારના વિવિધ આકારોવાળી સૃષ્ટિનું નિર્માણ કરે છે. સ્વપ્નાવસ્થામાં નિદ્રા અને સ્મૃતિનો સમન્વય છે.

(૩) સુષુપ્તિ અવસ્થા : સુષુપ્તિ અવસ્થા એટલે ગાઢ નિદ્રાની અવસ્થા. આ અવસ્થામાં મન તથા ઈન્દ્રિયો આરામ કરે છે. જીવ પોતાનાં સ્વરૂપમાં લીન બની જાય છે. જાગૃતાવસ્થાના સંસ્કાર અક્રિય બની જાય છે. મન પોતાનાં ઉપાદાન કારણ અજ્ઞાનમાં લીન બની જાય છે. નિદ્રાની આ અવસ્થામાં અનેકત્વનો અંત આવે છે, માત્ર ચૈતન્ય અવશિષ્ટ રહે છે.

સુષુપ્તિ અવસ્થા તે સમાધિઅવસ્થા, જ્ઞાનાવસ્થા કે બ્રાહ્મીસ્થિતિ નથી, કારણ કે સુષુપ્તિ અવસ્થા તમોગુણપ્રધાન છે. સુષુપ્તિ અવસ્થા દરમિયાન જીવ સ્વ-સ્વરૂપમાં લીન બને છે, પરંતુ તે તમોગુણના આવરણ હેઠળ હોય છે, તેથી સુષુપ્તિ અવસ્થા દ્વારા કોઈ આધ્યાત્મિક ક્રાંતિની ઘટના ઘટતી નથી.

(૬) વ્યક્તિત્વનું સંગઠન : સ્થૂળ આદિ ત્રણ દેહ અને અન્નમય આદિ પાંચ કોશ જેમ વ્યષ્ટિ (વૈયક્તિક) સ્વરૂપે હોય છે, તેમ સમષ્ટિ સ્વરૂપે પણ હોય છે. અર્થાત્ આ ત્રણે દેહ અને પાંચ કોશના વ્યક્તિગત અને સમષ્ટિગત, એમ બન્ને સ્વરૂપો હોય છે.

આ ત્રણ દેહ, પાંચ કોશ અને ત્રણ અવસ્થાઓનો પરસ્પર અનુબંધ આપણે અહીં સમજીએ.

જાગૃતાવસ્થા અન્નમય અને સ્થૂળ શરીર એકરૂપ છે. વ્યષ્ટિદેહમાં તેમના અભિમાની પુરુષને 'વૈશ્વાનર' અને સમષ્ટિદેહમાં તેમના અભિમાની પુરુષને 'વિશ્વ' કહે છે.

પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય કોશ મળીને સૂક્ષ્મ શરીર બને છે. આ ત્રણે કોશ, સ્વપ્નાવસ્થા અને સૂક્ષ્મ શરીર એકરૂપ છે. વ્યષ્ટિદેહમાં તેમના અભિમાની પુરુષને તૈજસ્ અને સમષ્ટિદેહમાં તેમના અભિમાની પુરુષને હિરણ્યગર્ભ કહે છે.

સુષુપ્તિ અવસ્થા, આનંદમયકોશ અને કારણશરીર એકરૂપ છે. વ્યષ્ટિદેહમાં તેમના અભિમાની પુરુષને પ્રાજ્ઞ અને સમષ્ટિદેહમાં તેમના અભિમાની પુરુષને ઈશ્વર કહેવામાં આવે છે. આ ત્રણ દેહ, પાંચ કોશ અને ત્રણ અવસ્થાઓમાં અંતરાત્મા બદ્ધ છે, તેથી આ સમગ્ર પ્રપંચ જીવ માટે આવરણરૂપ છે.

આ બધા પ્રપંચને અતિક્રમીને અંતરાત્માની જે જ્ઞાનાવસ્થા કે સ્વરૂપાવસ્થા છે, તેને તુરિયાવસ્થા કહેવામાં આવે છે. તુરિયાવસ્થા આત્માની મૂળ સચ્ચિદાનંદવસ્થા છે. આવરણભંગ થયા પછી જ જીવ આ અવસ્થામાં અવસ્થિત થાય છે. તુરિયાવસ્થાને જ બ્રાહ્મીસ્થિતિ, મુક્તાવસ્થા, સર્વાતીતાવસ્થા કે ત્રિગુણાતીતાવસ્થા પણ કહેવામાં આવે છે.

જે ત્રણે દેહથી જુદો છે તે જીવનું મૂળ સ્વરૂપ આત્મા છે. જે પંચકોશથી ન્યારો છે તે જીવનું મૂળ સ્વરૂપ આત્મા છે. જે ત્રણે અવસ્થાઓથી પર છે તે જીવનું મૂળ સ્વરૂપ આત્મા છે. અંતરાત્માની આ સ્વરૂપાવસ્થા ચતુર્થાવસ્થા હોવાથી અર્થાત્ ત્રણે દેહ અને ત્રણે અવસ્થાઓથી પર હોવાથી તેને તુરિયાવસ્થા કહેવામાં આવે છે. આ તુરિયાવસ્થામાં જીવ સર્વ આવરણોથી મુક્ત હોય છે અને પોતાનાં મૂળ સચ્ચિદાનંદ આત્મ સ્વરૂપે અવસ્થિત હોય છે.

આમ માનવ-વ્યક્તિત્વમાં કેન્દ્ર સ્વરૂપે અંતરાત્મા છે. અંતરાત્માના દેહ કે આવરણ સ્વરૂપે ત્રણ શરીર અને પાંચ કોશ છે. અંતરાત્માનું તેમની સાથેનું તાદાત્મ્ય અવિદ્યાજન્ય છે. અંતરાત્માની અજ્ઞાનાવસ્થામાં તેની જાગૃતાદિ ત્રણ અવસ્થાઓ હોય છે. અંતરાત્મા તેના મૂળ સ્વરૂપે સર્વથી ન્યારો તૂરિય છે.

આ રીતે માનવ-વ્યક્તિત્વ અંતરાત્મા, અવિદ્યા, ત્રણ દેહ, પાંચ કોશ અને ત્રણ અવસ્થાઓનું બનેલું છે. જ્ઞાનાવસ્થામાં અવિદ્યા વિલીન થાય ત્યારે તુરિયાવસ્થા સિદ્ધ થાય છે. (ક્રમશઃ)

■■■

અદ્‌ભુત સંત અદ્‌ભુતાનંદ સ્વામી

- સાધુ યજ્ઞવલ્લભદાસ

સ્વામી કોતરમાં સંતાયા એને ઘણો સમય વીતી ગયો હતો. હવે કોઈ પ્રકારનો ભય રહ્યો નથી એવું જાણી સ્વામીએ આગળનો પ્રવાસ આરંભ્યો. ભૂલ્યે કોઈ ન જોઈ જાય, એવી તકેદારી રાખી સ્વામી ઝડપથી માર્ગ કાપી રહ્યા છે. ચારે તરફ સિંહાવલોકન કરતાં કરતાં સ્વામીએ ઘણો માર્ગ કાપી નાંખ્યો.

એવામાં સંઘવા શહેરની પોઠ અનાજ નાખવા માટે કુંજબારી આવેલી, તે પાછી વળતી હતી. એ માર્ગમાં સ્વામીની સાથે થઈ ગઈ. સ્વામી થોડું એમની સાથે ચાલ્યા. પછી કોઈનો સંગાથ વળી બંધન કરાવશે, એવું જાણી સ્વામી ફરી એકલા ચાલવા લાગ્યા. નાસાગ્ર દૃષ્ટિ રાખી અંતરની વૃત્તિ મહારાજની મૂર્તિમાં જોડી સ્વામી પંથ કાપ્યે જાય છે. નથી કોઈ વિરામ લેતા કે નથી ભૂખ-તરસની પીડાને ગણકારતા. સાંજ પડતા તો સ્વામી ચાળીસ ગાઉંનું અંતર કાપી સંઘવા શહેરનાં દરવાજે પહોંચી ગયા.

સાંજ ઢળી ગઈ હતી. રાત્રિનો અંધકાર ચોપાસ છવાઈ ગયો હતો. કોટના દરવાજા બંધ થઈ ગયા હતા, તેથી નગરમાં પ્રવેશ મળે એવું લાગતું નહોતું. તેથી સ્વામીએ આસપાસ નજર ફેરવી તો એક નાનું શિવાલય નજરે પડ્યું. સ્વામી શિવાલયના ઓટા ઉપર આવી બેઠા. સ્વામીએ કોઈ પ્રકારનો વિરામ લીધા વિના ચાલીસ ગાઉંનું અંતર કાપ્યું હતું, તેથી પગ સૂજીને થાંભલા જેવા થઈ ગયા હતા. સેવા કરે એવું તો કોઈ હતું નહીં, તેથી સ્વામીએ પોતાની જાતે જ પગને થોડી વાર ચોળ્યા તેથી થોડું દર્દ હળવું થયું. સ્વામીએ આરામ કરવા પગ લાંબા કર્યા. આંખો મીંચી. મહારાજની મૂર્તિ સંભારી નિદ્રા દેવીની વાટ જોવા લાગ્યા.

એ સમયે નગરમાંથી બે બ્રાહ્મણો દરવાજાની બારી ખોલીને શિવજીનાં દર્શન કરવાં આવ્યાં. તેમણે સંતમહાત્માને શાંતિથી બેઠેલા જોયા તેથી પાસે આવ્યા અને પૂછ્યું, "મહારાજ! ક્યાંથી આવો છો?"

સ્વામીના એકાંતમાં ભંગ પડ્યો. આંખો ખોલી તો સામે બે વ્યક્તિ ઊભી હતી. સ્વામીએ ઉત્તર આપતા કહ્યું "હું કુંજબારીથી આવું છું."

બ્રાહ્મણોએ કહ્યું, "કુંજબારી તો અહીંથી ઘણું દૂર થાય. આજે અમારી પોઠ ત્યાંથી ઉપડવાની હતી."

"સ્વામીએ કહ્યું, તમારી પોઠ આજે જ ઉપડી છે અને તેની સાથે હું એક ગાઉ ચાલ્યો પણ હતો, પરંતુ પછી હું ઉતાવળો ચાલ્યો તે અહીં પહોંચ્યો, પણ દરવાજા બંધ થઈ ગયેલા તેથી અહીં બેઠો છું."

સ્વામીએ એક દિવસમાં આટલી મજલ કાપી નાંખી તે જાણી બ્રાહ્મણોને થોડું આશ્ચર્ય થયું. એમણે કહ્યું, "મહાત્માજી ! તમે બહુ ચાલ્યા છો, ને ભૂખ્યા પણ થયા હશો અને થાક્યા પણ હશો ?

"ભાઈ ! ભૂખ્યા અને તરસ્યા બન્ને છીએ. થાક પણ જબરો વર્તાય છે." સ્વામીએ પગ પર હાથ ફેરવતા કહ્યું.

"તો તો અમે તમારા માટે જમવાનું લઈ આવીએ છીએ." એમ કહી ભાવિક બ્રાહ્મણો નગર તરફ ગયા. થોડી વારમાં તેઓ થાળીમાં ખીચડી અને પાણીનો લોટો લઈને આવ્યા. સ્વામીને કહ્યું, "તમે જમો ત્યાં સુધી અમે રોકાઈ શકીએ તેમ નથી, કારણ કે હવે દરવાજાની બારી બંધ થઈ જશે."

સ્વામીએ પાણીથી ઓટાનો પથ્થર ધોવરાવ્યો અને કહ્યું, "ખીચડી આ ધોયેલા ઓટા પર મૂકો અને પાણી આ

તુંબડીમાં રેડો.''

બ્રાહ્મણોએ થાળીમાં હતી તે ખીચડી પથ્થર ઉપર મૂકી અને લોટામાં રહેલું પાણી સ્વામીની તુંબડીમાં રેડ્યું. પછી કહ્યું, ''તમે જમીને અહીં જ રાત્રિ રહેજો. સવારે અમે તમને શહેરમાં લઈ જઈશું.''

બ્રાહ્મણો ગયા પછી સ્વામી મહારાજને સંભારી જમ્યા. પેટમાં ટાઢક થઈ એટલે નિદ્રા પણ સારી આવી. સ્વામી ત્યાં જ સૂઈ ગયા.

સવારે ઊઠી સ્વામીએ નિત્યક્રમ કર્યા ત્યાં પેલા બ્રાહ્મણો આવી ગયા. તેઓ સ્વામીથી પ્રભાવિત થયા હોય એવું જણાતું હતું. તેમણે ભાવથી સ્વામીને નગરમાં પધારવાનું કહ્યું. સ્વામી તેઓની સાથે નગરમાં ગયા. બ્રાહ્મણોએ સ્વામીને યોગ્ય ઉતારો આપ્યો અને ભિક્ષા આદિકની તમામ વ્યવસ્થા કરી દીધી. અહીં સ્વામી કેટલોક સમય રહ્યા અને મુમુક્ષુઓને જ્ઞાનોપદેશ આપી સત્સંગી કર્યા.

બીજી કસોટી

સંઘવાના મુમુક્ષુ જીવોને અદ્‌ભુતાનંદ સ્વામીએ ભગવાન શ્રીસ્વામિનારાયણની ઓળખાણ કરાવી. થોડા દિવસના રોકાણ બાદ સ્વામીએ વિચરણ ચાલું કર્યું. સ્વામી ફરતાં ફરતાં ફરીથી માલેગામ આવ્યા. અહીં સ્વામીએ ત્રણ દિવસ રોકાણ કર્યું અને મુમુક્ષુઓને જ્ઞાનોપદેશ આપ્યો. ત્યાંથી ધુળિયાની પાસે મેથી નામે ગામ હતું ત્યાં આવ્યા.

ગામની પાસે નાની પણ સુંદર નદી વહી રહી હતી. સ્વામીએ નદીમાં સ્નાન કરી પૂજાપાઠ કર્યા. નિત્ય ક્રિયામાંથી પરવારી સ્વામી નદી કાંઠે બેઠા હતા, એવામાં ગામના કોઈ બાવાજી સ્નાન કરવા આવ્યા.

બાવાજીની નજર સ્વામી ઉપર પડી એટલે નજીક આવી પૂછ્યું, ''મહાત્માજી ! આપ મારે ઘરે જમવા પધારશો ?''

સ્વામીએ બાવાજીને પોતાના નિયમ સચવાય રહે એ અંગે થોડી પૂછપરછ કરી. પછી એમના ઘરે જવું યોગ્ય લાગ્યું એટલે સ્વામી બાવાજી સાથે એમના ઘરે જમવા ચાલ્યા.

બાવાજી વ્યવહારે સુખી હતા. ઘરમાં રસોઈ કરનારા બ્રાહ્મણ હતા. ઘર સારી સ્થિતિમાં હતું. સ્વામી હાથ-પગ ધોઈ જમવા બેઠા. જમવાનું પિરસાયું એટલે સ્વામી શ્રીજી મહારાજને સંભારી જમવા લાગ્યા.

સ્વામી જમી રહ્યા હતા અને બીજી બાજુ બાવાજીની બે યુવાન દીકરીઓ સ્વામીને નીરખી નીરખીને જોઈ રહી હતી. સ્વામીના રૂપમાં અંજાયેલી એ બન્ને યુવતીઓએ પોતાના પિતાને એક તરફ બોલાવ્યા અને પોતાના મનની વાત કહી, ''પિતાજી ! તમે ઘણા સમયથી અમારે લાયક છોકરો શોધી રહ્યા છો, આજે આપણે ઘરે સામેથી આ મહાત્મા પધાર્યા છે. એમના રૂપ-ગુણ અમને ખૂબ ગમ્યાં છે. આ મહાત્માજી બધી રીતે અમારે લાયક છે.''

અતીત બાવાજી ખૂબ ધનવાન હતા, પરંતુ તેમને કોઈ દીકરો ન હતો. બે દીકરીઓ જ હતી. એ દીકરીઓ ઉપર બાવાજીને અતિશય હેત હતું. માટે તેઓ દીકરીઓને પરણાવવા પણ માંગતા હતા અને ઘરે રાખવાય માંગતા હતા. તેથી તેઓ ઘણાં સમયથી ઘરજમાઈ થઈને રહે તેવા કોઈ યોગ્ય વરની શોધમાં હતા.

આજે ભગવાનની દયાથી અચાનક સ્વામી ઘરે પધાર્યા અને સ્વામીનું આકર્ષક રૂપ જોઈ કન્યાઓ મોહિત થઈ. તેથી બાવાજી ઘણો સંતોષ પામ્યા. એ વિચારે ચડ્યા કે, 'પ્રભુકૃપાથી ઘરે બેઠાં જોઈએ તેવા જમાઈ મળ્યા છે, જો હવે વિલંબ કરીશું તો આ મહાત્માજી જતા રહેશે. માટે તત્કાળ એમને મારી સંપત્તિ સહિત કન્યાઓનું દાન કરું તો એ જરૂર અહીં રહેશે ! આવી યુવાન કન્યાઓ અને રૂપિયા બે લાખની સંપત્તિમાં કોણ ન લોભાય ? માટે આજે જ સાક્ષીએ સહિત લેખ કરીને આ કાર્ય પૂર્ણ કરી દઉં.' આવા વિચાર સાથે તેઓએ એક કાગળમાં લેખ કર્યો, તેમાં લખ્યું કે સાઠ હજાર રોકડા રૂપિયા અને મારી બે કન્યાઓ તમને આપું છું. તેમાં સાઠ હજાર રૂપિયા છે તે જમાઈ ઘરજમાઈ થઈને રહે એટલે અત્યારથી જ આપું છું. બીજું, મારી હયાતી બાદ મારી સર્વ મિલકત એમની છે. આવો લેખ કરી ગામલોકોની સહી કરાવી બાવાજી સ્વામી પાસે આવ્યા અને સ્વામીના હાથમાં કાગળ આપ્યો.

સ્વામી કાગળ વાંચી ચમક્યા. વિચાર કરતાં કરતાં ઊંડા ઊતરી ગયા, 'માંડ એક રાજ્યનું બંધન છોડ્યું ત્યાં બીજું આવ્યું ! દેવની માયાનું જોર પણ જબરું છે ! એક પછી એક બંધનો નાંખી મને કેદ કરવા માંગે છે, પરંતુ ભગવાનની મૂર્તિ ભૂલીને જો હું માયામાં બંધાયો તો નરકમાં પડ્યો એમ સમજવું. આ જગતમાં ભગવાનનાં ચરણ વિના કોઈ ઠેકાણું માયાના પ્રભાવથી મુક્ત નથી. જે કાંઈ સુખ દેખાઈ રહ્યું છે, તે દુઃખ વિનાનું હોય નહીં. માટે આનાથી દૂર રહેવામાં જ સાચું સુખ સમાયેલું છે.'

જ્ઞાનદૃષ્ટિથી સ્વામીએ સંસારનું સ્વરૂપ જોઈ લીધું. પછી હળવેકથી બાવાજીને કહ્યું, ''બાવાજી ! આ કાગળ આપની પાસે રાખો. હું ઉતારે જઈને પાછો આવું છું.''

સ્વામી કાગળ આપી ઊડતા પગલે ગામ બહાર નીકળી ગયા. જે સુગમ રસ્તો નજરે પડ્યો તેને પકડ્યો અને પગમાં જોર લાવી રસ્તો કાપવા લાગ્યા.

આ બાજુ બાવાજીને મનમાં એમ કે, 'મહાત્માજી આવી સુખ-સમૃદ્ધિવાળું ઘર અને યુવાન કન્યાઓને મૂકીને ક્યાંય જશે નહીં. ભલે તેઓ ઉતારે જઈ આવે, થોડી વારમાં પાછા આવશે.' આમ ધારી બાવાજી રાહ જોવા લાગ્યા.

સવારની વાતની સાંજ પડી. બાવાજીએ તપાસ કરી, પણ એ યુવાન મહાત્માજીનો કોઈ પત્તો લાગ્યો નહીં.

'निष्पृहस्य तृणं जगत्' જેમણે પરબ્રહ્મના સુખનો અનુભવ કરી લીધો છે એમના માટે તો આ જગતનાં સુખ તણખલાં જેવાં લાગે છે. શ્રીહરિના શાશ્વત આનંદના ભોક્તા સ્વામી જગતના તુચ્છ સુખની છાંયામાં કેમ બંધાય? જેણે સર્પને પોતાની નજર સામે દૂધ પીતાં જોયો છે, એ ક્યારેય તે કટોરાનું દૂધ પીવા લોભાય ખરો?

મહારાજની કૃપાથી સ્વામીએ બીજી કસોટી પણ પાર કરી.

સંત દર્શન

એક પછી એક બંધનો કાંપતાં કાંપતાં અદ્‌ભુતાનંદ સ્વામી રસ્તો પણ કાપી રહ્યા છે.

માયાના બંધનમાંથી છૂટ્યાનો જે આનંદ છે તે સ્વામીની ચાલવાની ગતિમાં વર્તાઈ રહ્યો છે. માયિક સુખના ધસમસતા પ્રવાહથી બચી સ્વામી અલૌકિક સુખના સાગરમાં હીલોળા લઈ રહ્યા છે. એક પછી એક ગામ-નગરને પસાર કરતા સ્વામી ઉજ્જૈન શહેર પધાર્યા.

ઉજ્જૈન એ સાત પુરીઓમાંનું એક પ્રસિદ્ધ તીર્થસ્થળ છે. અહીં બાર જ્યોતિર્લિંગ માંહેના મહાકાલેશ્વર મહાદેવજી બિરાજી રહ્યા છે. સ્વામીએ ક્ષિપ્રા નદીમાં સ્નાન કર્યું અને મહાકાલેશ્વરનાં દર્શન કર્યાં. શહેરમાં ભિક્ષાવૃત્તિ કરી જે મળ્યું તે જમ્યા અને એક ધર્મશાળામાં ઉતારો કર્યો.

પ્રવાસનો થાક દૂર થયો. હવે સ્વામીને મહારાજનો વિરહ થઈ રહ્યો છે. ઘણાં સમયથી દર્શન વિના સ્વામીનું અંતર ઝૂરી રહ્યું છે. હવે શ્રીજી મહારાજનાં દર્શન નહીં થાય તો ક્યાંક બંધાઈ જવાશે, એવું જાણી સ્વામી ઉજ્જૈનથી ચાલી નીકળ્યા.

ચાલતાં ચાલતાં સ્વામી બુરાનપુર આવ્યા. અહીં સ્વામીને નરનારાયણાનંદ સ્વામી, કૃષ્ણાનંદ સ્વામી અને પૂર્ણાનંદ સ્વામી એ ત્રણ સંતો મળ્યા. કેટલાંય સમય પછી સંતોનાં દર્શન થવાથી સ્વામીને અત્યંત આનંદ થયો. ચારેય સંતોએ ભેગા મળીને પરસ્પર શ્રીજી મહારાજના મહિમા-મોટપની ખૂબ વાતો કરી. કેટલાંય સમથી અતૃપ્ત હૃદયનો સંતાપ હળવો થયો.

સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી પણ આ સમયે બુરાનપુરમાં હતા. તેઓ શ્રીજી મહારાજની આજ્ઞાથી શાસ્ત્રીય સંગીતનો વિશેષ અભ્યાસ કરવા માટે તાપીદાસ બાવાજીના અખાડામાં રહ્યા હતા. તેઓ પણ સંતોને મળ્યા. સંતોને ખૂબ આનંદ થયો.

બધા સંતો સાથે બેસી શ્રીજી મહારાજને સંભારે છે અને પોતાને થયેલા અનુભવો કહે છે. હવે જલદી મહારાજનાં દર્શન કરવાં છે એવો વિચાર પણ સેવી રહ્યા છે, પરંતુ પ્રેમાનંદ સ્વામીનું મન જરા ઢીલું દેખાયું એટલે ચારેય સંતોએ વિચાર કર્યો કે આપણે પ્રેમાનંદ સ્વામીને સાથે લઈને જ જવું છે.

સત્સંગમાં દેશ-કાળના સંજોગને લીધે પ્રેમાનંદ સ્વામીનું મન થોડું દુભાયું હતું. જેથી સ્વામી પાછા ગુજરાત જવા માંગતા નહોતા. પછી તો એક રાત્રિએ અદ્‌ભુતાનંદ સ્વામી પ્રેમાનંદ સ્વામી સાથે બેઠા. મહારાજ પાસેથી નીકળ્યા અને અહીં આવ્યા ત્યાં સુધીમાં પોતાને રાજ્ય, સ્ત્રી, ધન આદિકનાં જે જે બંધનો આડા આવ્યાં તે વિસ્તારથી કહી સંભળાવ્યાં.

અદ્‌ભુતાનંદ સ્વામીની દૃઢતા જોઈ પ્રેમાનંદ સ્વામીનું હૈયું હળવું થયું. પ્રેમાનંદ સ્વામીએ પોતાના અંતરની વાત કરતા કહ્યું, "સ્વામી! મારા મનમાં કોઈ કોઈ વાર વિચાર થઈ આવે છે કે હવે અહીં જ રહેવું છે, પંરતુ તમારી વાત સાંભળીને હવે મારા મનમાં પણ શ્રીજી મહારાજનાં દર્શન કરવાનો સંકલ્પ થયો છે, માટે આપણે સૌ સંતો અહીંથી સાથે જ ચાલીએ."

પછી તો પાંચેય સંતો બુરાનપુરથી સાથે ચાલ્યા. સો ગાઉ ચાલ્યા એટલે મહારાજની આજ્ઞા યાદ આવી કે, 'સંતોએ એકલું ચાલવું, સાથે ચાલવું નહીં.' મહારાજની આજ્ઞાને અનુસરતા પાંચેય સંતો એકાએકી જુદાજુદા ચાલી નીકળ્યા.

ભગવાન શ્રીસ્વામિનારાયણનો આવી કઠણ આજ્ઞા પાછળનો હેતુ સંતોનું ઘડતર થાય એવો તો હતો જ, ઉપરાંત સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણના સાક્ષાત્કારને પામેલા સંતોનાં અનેક લોકોને દર્શન થાય, સમાગમ થાય અને અનેક જીવોનું કલ્યાણ થાય એવો પણ હતો. ■■■

સત્સંગ ક્વિઝ



અગત્યની સૂચના

1. આ કોયડાની મદદથી "ગમ્મત સાથે જ્ઞાન" માટે સુગમ અને સરળ પ્રયાસ કરેલ છે.
2. જે હરીભક્તો કોયડાના સાચા જવાબનો ફોટો 95860 15551 નંબર પર મોકલશે તેના નામ આગળના અંકમાં લખવામાં આવશે.
3. દશ કોયડાનાં સાચા જવાબ મોકલનારને આવનારા ઉત્સવમાં સંતો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે.
4. સાચા જવાબ શોધવા માટે કોઈ વ્યક્તિ તથા સત્શાસ્ત્રોની મદદ લઈ શકાશે.

આડી ચાવીઓ

1. શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે પધરાવેલ પોતાનું સ્વરૂપ. 4
3. રોમ કોટિ વીંછીની.....હો. હૈડું હાલ કલોલ થાય રે. 3
5. અનુભવી ..... માં બ્રહ્મરસના ભોગી રે, જીવન મુક્ત જોગીયા અંતરે અરોગી રે. 3
7. શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના લેખક. 4
9. મહાભારતના યુદ્ધમાં 13માં દિવસે કૌરવ તરફથી યુદ્ધ લડેલા ત્રિગર્ત દેશના રાજા. 3
11. શિક્ષાપત્રીના શ્લોક નં. 156માં શ્રીજી મહારાજ ધનાઢ્ય ગૃહસ્થને ..... આપવાનું કહે છે. 2
12. વચનામૃત લોયા-6, સર્વે વખાણ કરતા હોય તો પણ તે ત્યાગ કરવા યોગ્ય હોય તેવો કયો ..... છે? 2
13. સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીનું જન્મનું ગામ. 2
14. વાજે ..... ને તાલ મૃદંગ ગાવે હોરી રે, ભૂમાનંદ કહે જીભાએ કેસે કહું શોભા રે. 3
15. રામાયણનું એક પાત્ર, વાલીનો પુત્ર. 3
17. પોતાના બતાવેલ જે સ્વધર્મ તેમાંથી જે પડી જાય તેને..... કહેવાય. 3
18. સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના ધર્મપત્નીનું નામ. 3
20. સંસારજાલ ..... ऽखिल जिवबन्धो त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।। 3
21. શ્રી ઘનશ્યામ મહારાજના મામાનું નામ. 4
23. આચાર્ય ચાણક્યે .... કુળને ઉખાડી ચંદ્રગુપ્ત મૌર્યને રાજા બનાવેલ. 2
25. શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક-26માં વ્યવહાર કાર્યમાં કોઇ ..... લેવાની ના કહેલ છે. 2
26. ..... કરીને રે, અલબેલાજી આવ્યા છો, રસિયાજી રંગના ભીના રે, ભૂધર ઘણું ભાવ્યા છો. 5

ઊભી ચાવીઓ

1. માર્કંડેય ઋષિએ પાડેલ એક નામ. 2
2. ભક્તિમાતાના પિતાનું નામ. 4
3. સનાતન ધર્મનો સૌ પ્રથમ ગ્રંથ. 2
4. અજામિલના દીકરાનું નામ, જે નામને કારણે અંતકાળે યમદૂત ભાગી ગયા. 4
5. અમદાવાદ શ્રી નરનારાયણદેવનું મંદિર બાંધવા માટે મહારાજે કયાં સ્વામીને આજ્ઞા કહેલ હતી? 5
6. નિષ્કુળાનંદ કહે શ્રી હરિ તણા અમે દામ વિનાના દાસ, મુને ભક્તિ.....મહારાજ સોહાગણ કીજીયે. 3
9. લોજમાં શ્રી નીલકંઠવર્ણીને સૌ પ્રથમવાર ..... નંદ સ્વામી મળ્યા હતા. 2
10. સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ ..... ના કોથળા પહેરીને મહારાજની આજ્ઞાઓ પાળેલી. 2
12. જુનાગઢ મંદિરના પહેલા મહંત. 6
14. શ્રીપતિ જાગે ..... ભાગે, કૃષ્ણાનંદ હરિ સુખ કે કંદ એ વર માગે. 3
15. શ્રીજીનાં ચરણારવિંદના ચિહ્નોમાંનું એક. 3
16. સો સો માથા જતા સોંઘા છોગાળા તે એક શિર કે વાસ્તે ક્યું ડરત હે 3
18. કર્ણને જન્મથી ..... અને કુંડળ સાથે હતા. 3
19. શ્રી રામ ભગવાનના એક પુત્ર. 2
22. માન, સ્વમાન, અભિમાન. 2
24. મારા હરિગુરુ દેવે ..... કરી, કાંઇક આપી છે આજ્ઞા એહ રે. 2

સમાચાર દર્શન

પાટોત્સવ તથા પ્રતિષ્ઠા મહોત્સવ, અમેરિકા ગુરુકુલ

ભગવાન શ્રી સ્વામિનારાયણની અનહદ કૃપાથી શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર, સવાનાહ દિનપ્રતિદિન પ્રગતિ કરી રહ્યું છે. પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી અહીં દિવ્ય-ભવ્ય કેમ્પસ નિર્માણ થઈ રહ્યું છે. સનાતન ધર્મના દેવ-દેવીઓની સાથે, દ્વાદશ જ્યોતિર્લીંગની સ્થાપના પૂર્વ થઈ ચૂકી છે. જ્યારે તા. ૧૧થી ૧૩ એપ્રિલ દરમિયાન છઠ્ઠા પાટોત્સવ પ્રસંગે દશાવતાર ભાવપ્રતિષ્ઠા, શ્રીહનુમાનજી ભાવપ્રતિષ્ઠા, શ્રી અમરનાથજીની ભાવપ્રતિષ્ઠા ભવ્ય રીતે સંપન્ન થઈ.

ગુરુકુલ સવાનાહ સર્વ માટે શ્રદ્ધા અને ભક્તિનું કેન્દ્ર બન્યું છે. ખૂબ મોટી સંખ્યામાં ભક્તો અહીં દર્શને પધારે છે અને ભારતીય પરંપરાનું જતન-પોષણ કરી રહ્યા છે. નાના નાના બાળકોમાં સંસ્કાર સિંચનનું કાર્ય થઈ રહ્યું છે. ગુરુકુલના આ વિશાળ પરિસરમાં સરોવરની મધ્યમાં તથા ચોતરફ દિવ્ય સ્થાનોના નિર્માણ થયા છે અને વિવિધ દેવતાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. તાજેતરમાં હનુમાન જયંતીના પાવન પ્રસંગે પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં દેવોનો પાટોત્સવ તથા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. સરોવરના કિનારે વિશાળ પ્રાંગણમાં રમણીય કુટીરોમાં દશાવતાર પ્રતિષ્ઠિત થયા. વિશાળ હનુમાનજીની ધ્યાનસ્થ પ્રતિમાની પ્રતિષ્ઠાથી કેમ્પસની દિવ્યતામાં વધારો થયો. આ પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્વે સવાનાહ તથા આસપાસના શહેરોમાં ખૂબ મોટી સંખ્યામાં સુંદરકાંડ તથા હનુમાન ચાલીસાના પાઠ થયા હતા.

આ પ્રસંગે સમસ્ત અમેરિકામાંથી મોટી સંખ્યામાં પધારેલા ભક્તોએ સંધ્યા સમયે દશાવતાર તથા હનુમાનજીની સમૂહ આરતી કરી ત્યારે વાતાવરણ દિવ્ય બન્યું હતું. સાથે સાથે ફાયર અને લાઈટ-સાઉન્ડ શોએ સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે દેવો સમક્ષ વિશાળ અન્નકૂટ તથા હનુમાનજી મહારાજના સાંનિધ્યમાં વિશાળ ફલકૂટ ધરાવાયો હતો. નાનાં નાનાં બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. સંતો, ઋષિકુમારો તથા સ્વયંસેવકોની સેવાથી આ મહોત્સવ સફળ રહ્યો હતો.

દશાબ્દિ મહોત્સવ, દ્રોણેશ્વર ગુરુકુલ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા મચ્છુન્દ્રી નદીના કિનારે મારૂતિધામમાં બિરાજમાન શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજ પ્રતિષ્ઠિત થયા તેના દશ વર્ષ પૂર્ણ થતા ભવ્ય-દિવ્ય દશાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૈત્ર સુદ એકાદશીથી પૂર્ણિમા, તારીખ ૮ થી ૧૨ એપ્રિલ દરમિયાન પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના સાંનિધ્યમાં અનેકવિધ આયોજનો સાથે મહોત્સવ સંપન્ન થયો.

દશાબ્દિ મહોત્સવ ઉપક્રમે સંતોએ પચાસથી વધારે ગામોમાં આઠસો ઉપરાંત પધરામણિ કરી ઘરે ઘરે નિમંત્રણ પાઠવ્યું હતું. મહોત્સવ પહેલા અગિયાર શનિવારે આસપાસના ગામોના ભક્તોના સંઘ પદયાત્રા કરી દર્શનને પધાર્યા હતા અને હનુમાનજી મહારાજના પૂજન-નિરાજનનો લાભ લીધો હતો.

મહોત્સવના પ્રારંભે અખંડ ધૂનનું આયોજન થયું હતું. ધૂનની પૂર્ણાહુતિ બાદ સંત નિવાસમાં બિરાજમાન ભગવાન શ્રીહરિ સમક્ષ ભવ્ય ફલકૂટની આરતી કરી પોથીયાત્રાનો પ્રારંભ થયો હતો. ભગવાન શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં પોથીયાત્રાનું સમાપન થયું અને સભામંડપમાં પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીની તૃતીય પૂણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ સભા સાથે કથાવાર્તાનો પ્રારંભ થયો. પૂજ્ય શાસ્ત્રી શ્રી મુનિવત્સલદાસજી સ્વામી તથા પૂજ્ય શાસ્ત્રી શ્રી શ્રુતિવલ્લભદાસજી સ્વામીએ મહોત્સવ દરમિયાન પાંચ દિવસ શ્રીહરિ ચરિત્રની કથાનું શ્રવણ કરાવ્યું હતું. સાથે સાથે મહોત્સવ દરમિયાન ત્રિ-દિવસીય શ્રીહરિ યાગ, સમૂહ મહાપૂજા, વેદોક્ત પૂજન, મહિલામંચ, મારૂતિયાગ વગેરે આયોજનો કરવામાં આવ્યા હતા. હનુમાન જયંતી પ્રસંગે હનુમંત ચરિત્ર કથા તથા હનુમાનજીનું ભવ્ય પૂજન રાખવામાં આવ્યું હતું. મહિલા ભક્તો દ્વારા દિવ્ય અન્નકૂટ પણ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પરમ પૂજ્ય

બાલકૃષ્ણદાસજી સ્વામીએ આરતી કરી ભક્તોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. મહોત્સવ દરમિયાન નાઘેર વિસ્તારના ગામોમાંથી મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. વિશેષમાં દિવ્ય જ્યોતી ટ્રસ્ટના સહયોગથી રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર મહોત્સવનું આયોજન પૂજ્ય ભંડારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય નરનારાયણદાસજી સ્વામી, પૂજ્ય હરિદર્શન સ્વામી, પૂજ્ય હરિપ્રિય સ્વામી, પૂજ્ય કૃષ્ણજીવન સ્વામી વગેરે સંતો તથા સ્વયંસેવક ભાઈ-બહેનોએ કર્યું હતું.

જાપાનની ધર્મયાત્રા

પૂજ્ય સ્વામીજી તથા સંતમંડળ તા. ૧૭ માર્ચથી ૨ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન જાપાનની ધર્મયાત્રાએ પધાર્યા હતા. આ યાત્રા દરમિયાન પૂજ્ય સંતો જાપાનના વિવિધ પ્રાંતમાં આવેલ બૌદ્ધ, ઝેન, શાંતો વગેરે ધર્મના સ્થાનો તથા ધર્મગુરુઓ સાથે મુલાકાત થઈ હતી. આ ઉપરાંત જાપાનના પાટનગર ટોકિયો ખાતે ભારતીય એમ્બેસી પધાર્યા હતા. જ્યાં વર્તમાન રાજદૂત સર જ્યોર્જે પૂજ્ય સ્વામીજી તથા સંતોનું ભાવપૂર્ણ સ્વાગત કર્યું હતું.

ભારત અને જાપાન વચ્ચે સદીઓ જૂના ઐતિહાસિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સંબંધો સુદૃઢ રહ્યા છે. સર જ્યોર્જે જણાવ્યું કે, આ સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે ભારતીય દૂતાવાસ દ્વારા હોળી, દિવાળી, રક્ષાબંધન, રથયાત્રા વગેરે તહેવારો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. સાથે સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસે મોટા પાયે યોગ કરવામાં આવે છે. આ દિવસે મોટી સંખ્યામાં ભારતીયો તથા જાપાનના લોકો પણ ભાગ લે છે. ભારત અને જાપાન વચ્ચેના રાજકીય સંબંધોને વધુ મજબૂત કરવા માટે અહીંની યુનિવર્સિટીઓ સાથે મળીને રચનાત્મક કાર્ય કરવામાં આવે છે. સાથે સાથે પૂજ્ય સ્વામીજીએ ભારતમાં કાર્યરત સંસ્થા SGVPની પ્રાચીન ગુરુકુળ શિક્ષણ પ્રણાલી વિશે જણાવ્યું ત્યારે તે સાંભળીને સર જ્યોર્જ ખૂબ જ પ્રભાવિત થયા હતા. ઉપરાંત સંતોએ જાપાનની ટેકનોલોજી તથા લોકોની જીવનપ્રણાલીનો પણ અભ્યાસ કર્યો હતો.

ગુરુકુલ ગૌરવ

નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન દ્વારા આયોજિત રાષ્ટ્રીય સંસ્કૃત સ્પર્ધામાં ગુજરાતના ઋષિકુમારોએ ગૌરવસભર પ્રદર્શન કર્યું છે. ગુજરાતમાંથી SGVP દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના નવ ઋષિકુમારો સ્પર્ધામાં ભાગ લેવા માટે હરિદ્વાર પતંજલિ યોગપીઠ ખાતે પહોંચ્યા હતા, જેમાંથી પાંચ ઋષિકુમારોએ મેડલ જીતી ગુજરાત અને સંસ્થાનું નામ રોશન કર્યું છે.

સંસ્થાન દ્વારા આયોજિત આ સ્પર્ધામાં સમસ્ત ભારતમાંથી દરેક રાજ્યોમાં જેમણે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હોય એવા વિદ્યાર્થીઓ ભાગ લે છે. કુલ પચીસ રાજ્યોના એક હજાર જેટલા સ્પર્ધકો વચ્ચે ત્રણ દિવસ ચાલેલી આ સ્પર્ધામાં ગુજરાતના સાત ઋષિકુમારોએ બે ગોલ્ડ મેડલ, બે સિલ્વર મેડલ તેમજ ત્રણ બ્રોન્જ મેડલ પ્રાપ્ત કરીને સંસ્કૃત ક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કર્યું હતું. મહત્વની વાત એ છે કે આ સાત મેડલમાંથી પાંચ મેડલ કેવળ SGVP સંચાલિત દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારોએ પ્રાપ્ત કર્યા હતા.

વિજયી ઋષિકુમારોને બાબા રામદેવજી મહારાજ, ઉત્તરાખંડના મુખ્યમંત્રીશ્રી, રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાનના કુલપતિ શ્રી વરખેડીજી વગેરે મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય દ્વારા પણ સંસ્થાના અધ્યક્ષ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ આ ઋષિકુમારોને અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં વધુ ઉત્તમ પ્રદર્શન માટે શુભેચ્છા પાઠવી હતી.

વિજેતા ઋષિકુમારો – ૧. ભટ્ટ દિવ્યેશ (ગોલ્ડ મેડલ), ૨. જાની દેવાંગ (સિલ્વર મેડલ), ૩. સાધુ બ્રહ્મવિહારીદાસજી (બ્રોન્જ મેડલ), ૪. દવે જય (બ્રોન્જ મેડલ), ૫. પંડ્યા શિવમ (બ્રોન્જ મેડલ).

SGVP ફૂટબૉલ ક્લબ - ચેમ્પિયન

ગુજરાત સ્ટેટ ફૂટબૉલ એસોસિએશન દ્વારા આયોજિત GSFA ક્લબ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં અંડર - ૧૭ કેટેગરીની ટૂર્નામેન્ટ ૧૯ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ એસજીવીપી ફૂટબૉલ ગ્રાઉન્ડ ખાતે આયોજિત થઈ હતી. આ ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટોપ ક્લબો ભાગ લેતી હોય છે. જેમાં SGVP ફૂટબૉલ ક્લબે ફાઈનલ મેચ જીતીને ઈતિહાસ રચ્યો હતો. ફાઈનલ મેચ એ.આર.એ. ફૂટબૉલ ક્લબ - અમદાવાદ અને SGVP ફૂટબૉલ ક્લબ વચ્ચે યોજાઈ હતી, જેમાં SGVP ફૂટબૉલ ક્લબ ૩-૨ થી વિજેતા બની હતી. વિજેતા ટીમને ૧,૦૦,૦૦૦/-

ઈનામ+ટ્રોફી એનાયત કરવામાં આવી. આગામી સમયમાં SGVP ફૂટબૉલ ક્લબ ભારતના ટોપ ક્લબો સાથે રમશે. વિજેતા વિદ્યાર્થીઓને પૂજ્ય સ્વામીજી તથા સંતોએ શુભાશિર્વાદ પાઠવ્યા હતા તેમજ કોચ બ્રિજેશ યાદવ, અભિષેક ત્રિપાઠી અને રાહુલ ચૌધરીને અભિનંદન પાઠવી ટીમનો ઉત્સાહ વધાર્યો હતો.

રાજકોટનું સૌથી મોટુ હરિયાળુ સ્કુલ કેમ્પસ

The Complete Smart Future School

SGVP INTERNATIONAL SCHOOL

RIBDA-RAJKOT

ADMISSION OPEN

દીકરીઓ માટે સ્કુલ ફીમાં વિશેષ સ્કોલરશીપ યોજના

દરેક રમતોના વિશાળ મેદોનો, સુદ્ધ-સાત્વિક વાતાવરણ

CBSE BOARD

KG to 12th

(SCI & COM)

BOYS & GIRLS SCHOOL

Ribda- 93772 12341

Vavdi- 97277 46946

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી મનસુખભાઈ કરશનભાઈ માયાણી :- યુ.કે નિવાસી શ્રી મનસુખભાઈ માયાણી તા. ૨૯ માર્ચ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ સેવા કરે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સદ્‌ગુરુ સંતોનો રાજીપો પણ ખૂબ મેળવ્યો છે. મનસુખભાઈ ખૂબ સારા ભક્ત હતા. ભગવાન શ્રીહરિ મનસુખભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા પ્રિતેશ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નર્મદાબેન ગોવિંદભાઈ પટેલ :- ગામ અનિડા, હાલ સુરત નિવાસી તથા ગુરુકુલના સેવાકાર્યોમાં નિષ્ઠાથી જોડાયેલા પરિવારના માતુશ્રી નર્મદાબેન પટેલ તા. ૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ નર્મદાબેનના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા ગોવિંદભાઈ, અશ્વિનભાઈ, હિતેશભાઈ, વગેરે વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એ જ પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી વિવેકભાઈ શેઠ, મુંબઈ
અ.નિ. તરશીભાઈ રવજીભાઈ સખિયા,
હ. વજુભાઈ સખિયા, રાજકોટ
પ.ભ. શ્રી વર્ષિતભાઈ પીપરોતર, ધ્રાંગધ્રા
અ.નિ.પાર્વતીબેન પોપટભાઈ સોરઠીયા
હ.ચતુરભાઈ,ગોવિંદભાઈ,રામભાઈ- કોલડા
અ.નિ. સરસ્વતીબેન અમૃતલાલ વેણી
હ. હરેન્દ્રભાઈ શાહ-ગીરનાર ચા

પૂજ્ય તીર્થનંદન સ્વામી, હરિદ્વાર
પાર્ષદ રોહિત ભગત, વાસદ
પ.ભ. શ્રી રવીભાઈ ત્રિવેદી, SGVP
પ.ભ. શ્રી પ્રવિણભાઈ રાબડિયા, પર્થ
પ.ભ. શ્રી વંશ અમિતભાઈ ચોવટીયા, પર્થ
પ.ભ. શ્રી દેવકૃષ્ણ કુમાવત, રાજસ્થાન
પ.ભ. શ્રી દિવ્યેશભાઈ સી. કકાણી, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૫ થી ૧૧/૦૫/૨૫ : **બાલ શિબિર** : SGVP ગુરુકુલ, અમદાવાદ
તા. ૦૯/૦૫/૨૫, મંગળવાર : **શ્રીહરિ જયંતી** : સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૦૮/૦૫/૨૫, ગુરુવાર : **મોહિની એકાદશી**
તા. ૨૩/૦૫/૨૫, શુક્રવાર : **અપરા એકાદશી**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે આયોજિત દશાબ્દિ મહોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ ધરાવવામાં આવેલ ફલકૂટની આરતી, સમૂહ મહાપૂજા તથા ઉપસ્થિત સંતો-ભક્તો

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ ખાતે આયોજિત પાટોત્સવ તથા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, સંતો તથા ભક્તજનો - અમેરિકા

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2025-2027
Valid Upto 31-12-2027 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at PSO Ahmedabad on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQR/092/2025-2027 valid upto 31-12-2027. Date of Publication is 25th of every month.

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ (અમેરિકા) ખાતે પૂજ્ય સ્વામીજીની ઉપસ્થિતિમાં ભવ્ય સરોવરના કિનારે હનુમાન જંયતીના રોજ દશાવતાર, અમરનાથ તથા હનુમાનજી મહારાજની ભાવપ્રતિષ્ઠા કરવામાં આવી

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-